# સને ૨૦૧૭–૧૮

અપીલ અરજી નં.આર.ડી.ડી./પ્ર.અ./૧, તા.૨૭/૦૪/૨૦૧૭.
**RDD/OUT NO.322,**
**DT.08-05-2017.**

**અરજદાર:** શ્રી જસવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ
**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકત:–**

**વિષય:–** અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.એકટ અંતગર્તની તા.૦૪/૦૩/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ,(૧)ગોડાદરા દેવધ રોડ પર તાજેતરમાં બનેલ સીસી રોડ બનાવવા માટે થયેલ ખોદાણ, થયેલ જીએસબી, થયેલ ડીએલસી તેમજ સીસી રોડના કોરટેસ્ટના રીપોર્ટની પ્રમાણિત નકલ સહીતની માહિતી પુરી પાડવી(૨) મેટલગ્રાઉટીંગ અને પેવરના કામકાજ માટે અપાયેલ વર્કઓર્ડરની પ્રમાણિત નકલ આપવી.(૩) મેટલગ્રાઉટીંગ અને પેવરનું કામકાજ અંગેનું દફતરી નોંધ, સેકશન રીપોટીંગ સહીતની માહિતી આપવી.(૪) મેટલગ્રાઉટીંગ અને પેવરના કામકાજ માટે રજુ થયેલ અંદાજીત ખર્ચપત્રક અને અપાયેલ નાણાની વિગતવાર માહિતી આપવી.(૫) મેટલગ્રાઉટીંગ અને પેવરનું કામકાજ જે અધિકારીઓના માર્ગદર્શન હેઠળ થયેલ હોય તે અધિકારીઓના નામ, હોદ્દો અને સરનામાની વિગતવાર માહિતી આપવી (૬) કોરટેસ્ટના રીઝલ્ટની પ્રમાણિત નકલ આપશો.

**સંદર્ભ:–**
**(૧)** અરજદારની તા.૦૪/૦૩/૨૦૧૭ ના રોજની મૂળ અરજી જે અત્રે તા.૦૭/૦૩/૨૦૧૭ ના રોજ મળેલ(આઈ.ડી.નં.૬૪૭)
**(૨)** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૩)** અરજદારની તા.૨૫/૦૪/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી.
**(૪)** અપીલ અરજી સંદર્ભે અરજદાર અને જાહેર માહિતી અધિકારીને પૂર્તતા કરવા માટે એપેલેટ અધિકારી ધ્વારા રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા મોકલવામાં આવેલ પત્ર નં.આરડીડી/આઉટ/નં.૨૦૦, તા.૦૨/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૫)** અપીલ અધિકારીશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રીને પૂર્તતા અહેવાલ માટે લખેલ પત્ર.
**(૬)** જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરેલ પૂર્તતા અહેવાલ તા.૦૫/૦૫/૨૦૧૭ નો પત્ર.

અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.એકટ અંતગર્તની તા.૦૪/૦૩/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ,(૧)ગોડાદરા દેવધ રોડ પર તાજેતરમાં બનેલ સીસી રોડ બનાવવા માટે થયેલ ખોદાણ, થયેલ જીએસબી, થયેલ ડીએલસી તેમજ સીસી રોડના કોરટેસ્ટના રીપોર્ટની પ્રમાણિત નકલ સહીતની માહિતી પુરી પાડવી(૨) મેટલગ્રાઉટીંગ અને પેવરના કામકાજ માટે અપાયેલ વર્કઓર્ડરની પ્રમાણિત નકલ આપવી.(૩) મેટલગ્રાઉટીંગ અને પેવરનું કામકાજ અંગેનું દફતરી નોંધ, સેકશન રીપોટીંગ સહીતની માહિતી આપવી.(૪) મેટલગ્રાઉટીંગ અને પેવરના કામકાજ માટે રજુ થયેલ અંદાજીત ખર્ચપત્રક અને અપાયેલ નાણાની વિગતવાર માહિતી આપવી.(૫) મેટલગ્રાઉટીંગ અને પેવરનું કામકાજ જે અધિકારીઓના માર્ગદર્શન હેઠળ થયેલ હોય તે અધિકારીઓના નામ, હોદ્દો અને સરનામાની વિગતવાર માહિતી આપવી (૬) કોરટેસ્ટના રીઝલ્ટની પ્રમાણિત નકલ માટે અરજદાર ધ્વારા માહિતી માંગવા આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળના 'નમૂનો–ક' ધ્વારા આઈ.ડી.નં.૬૪૭,તા.૦૪/૦૩/૨૦૧૭ થી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) ખાતે અરજી કરવામાં આવેલ. જે અરજી સાઉથ ઈસ્ટ ઝોનના જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉનપ્લાનર ધ્વારા તા.૦૭/૦૩/૨૦૧૭ ના રોજ તબદીલ થઈને આર.ડી.ડી. ખાતે મળેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૧૮૬૨, તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ સમયમર્યાદામાં પ્રત્યુત્તર આપેલ જે પ્રત્યુત્તરથી અરજદાર નારાજ થઈને અપીલ

અધિકારી સમક્ષ તા.૨૫/૦૪/૨૦૧૭ ની અરજી જે સીવીક સેન્ટર ખાતે તા.૨૬/૦૪/૨૦૧૭ ના રોજ આપેલ છે. જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (આર.ડી.ડી.) ને તા.૨૭/૦૪/૨૦૧૭ ના રોજ મળેલ છે..

અરજદારશ્રીની અપીલ અરજીનાં અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ, વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ/વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મૂદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.૨૦૨, તા.૦૨/૦૫/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ને પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભેમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર,આરડીડી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૧૮૬૨ તા.૨૧/૩/૨૦૧૭ ના રોજથી માહિતી/જવાબ પૂરી પાડવામાં આવેલ હોય તેવુ જણાય છે. અપીલ અરજીના સંદર્ભમાં એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, આરડીડીના પત્ર નં.આરડીડી/આઉટ/નં.૨૦૦, તા.૦૨/૦૫/૨૦૧૭ થી અરજદારને તા.૦૮/૫/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, આરડીડી સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે બોલાવેલા. જે બાબતે અરજદારશ્રી જસવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ હાજર રહેલ ન હતા. પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અરજદાર હાજર રહેલ ન હતા.

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરની રજુઆતઃ–** જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (લિંબાયત) ઝોન, સુરત મહાનગરપાલિકાને આઈ.ડી.નં.૬૪૭,તા.૦૪/૦૩/૨૦૧૭ થી મળેલ અરજી તબદીલ થઈ અત્રેના વિભાગને પત્ર ક્રમાંક નં.આરડીડી/ઈન/૨૪૪૭,તા.૦૭/૦૩/૨૦૧૭ ના રોજ મળેલ. જેનો મુદ્દા નં.૧ નો પ્રત્યુત્તર અત્રેથી આરડીડી/આઉટ/નં.૧૮૬૨,તા.૨૧/૦૩/૨૦૧૭ થી સમયમર્યાદામાં આપવામાં આવેલ. સદર જવાબથી નારાજ થઈ અરજદારે એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,આરડીડી ને કરેલ અપીલ અરજી આર.ડી.ડી./ઈન/નં.૨૦૫,તા.૨૭/૦૪/૨૦૧૭ ના રોજ અત્રે મળેલ છે. જેમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૨૧/૦૩/૨૦૧૭ ના રોજ કાયદા વિરૂધ્ધ નો પ્રત્યુત્તર પાઠવેલ છે અને માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ નથી એમ જણાવેલ છે એવી રજુઆત કરેલ છે. જે અન્વયે જણાવવાનું કે, મુદ્દા નં.૧ અન્વયેના કામે ગોડાદરા દેવધ રોડ પર તાજેતરમાં બનેલ સી.સી.રોડ પર અત્રેથી કોર ટેસ્ટના સેમ્પલ લેવામાં આવેલ નથી. જેથી તે અંગેનો હાલ પર્યંત કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી પૂરી પાડી શકાયેલ નથી. જે બાબતની ફેરચકાસણી કરવામાં આવેલ છે. જે આપશ્રીની જાણ માટે.

<u>–ઃહુકમઃ–</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧/૦૩/૨૦૧૭ની અરજીથી માંગેલ માહિતીની વિગત જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા પુરી પડાયેલ હોય, વધુ કશું કરવાનું રહેતુ નથી.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

**એપેલેટ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
શ્રી જસવંતસિંહ એ.બ્રહ્મભટ્ટ

<u>**સને ૨૦૧૭–૧૮**</u>

અપીલ અરજી નં.આર.ડી.ડી./પ્ર.અ./૨, તા.૦૩/૦૫/૨૦૧૭.
RDD/OUT NO.425,
DT.31-05-2017

**અરજદારઃ** શ્રી રસીકભાઈ કે.ચાવડા
**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**ફરીયાદની હકીકતઃ–**

**વિષયઃ–** અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.એકટ અંતગર્તની તા.૧૫/૦૩/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ,(૧)દેવધ–ગોડાદરા રોડ(રાણાપ્રતાપ ચોકતી દેવધ ગામ) રોડ વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૧૭ જાન્યુઆરી ૩૧ સુધીમાં કેટલી વખત બનાવવામાં આવ્યો.(૨) આ રોડમાં અત્યાર સુધી (૨૦૧૦ થી ૨૦૧૭) માં કેટલા વખત રીપેરીંગ કરવામાં આવ્યો.(૩) હાલમાં વર્ષ ૨૦૧૭માં ચાલુ કામની સંપૂર્ણ માહિતી આપવામાં આવે. ટોટલ ખર્ચ,ટેન્ડરપ્રક્રિયા, અત્યાર સુધીમાં થયેલ ખર્ચ અને હાલની સ્થિતિની માહિતી આપવામાં આવે.

**સંદર્ભઃ–**
**(૧)** અરજદારની તા.૨૦/૦૩/૨૦૧૭ ના રોજની મૂળ અરજી જે અત્રે તા.૨૩/૦૩/૨૦૧૭ ના રોજ મળેલ(આઈ.ડી.નં.૨૭૯૫)
**(૨)** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ તા.૧૩/૦૪/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૩)** અરજદારની તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી.
**(૪)** અપીલ અરજી સંદર્ભે અરજદારને પૂર્તતા કરવા માટે એપેલેટ અધિકારી ધ્વારા રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા મોકલવામાં આવેલ પત્ર નં.આરડીડી/આઉટ/નં.૩૧૩ , તા.૧૫/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૫)** અપીલ અધિકારીશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રીને પૂર્તતા અહેવાલ માટે લખેલપત્ર નં.આરડીડી/આઉટ/નં.૩૧૪ , તા.૧૫/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૬)** જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરેલ પૂર્તતા અહેવાલ તા. ૧૮ /૦૫ /૨૦૧૭ નો પત્ર.

અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.એકટ અંતગર્તની તા.૧૫/૦૩/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ,(૧)દેવધ–ગોડાદરા રોડ(રાણાપ્રતાપ ચોકતી દેવધ ગામ) રોડ વર્ષ ૨૦૧૦ થી વર્ષ ૨૦૧૭ જાન્યુઆરી ૩૧ સુધીમાં કેટલી વખત બનાવવામાં આવ્યો.(૨) આ રોડમાં અત્યાર સુધી (૨૦૧૦ થી ૨૦૧૭) માં કેટલા વખત રીપેરીંગ કરવામાં આવ્યો.(૩) હાલમાં વર્ષ ૨૦૧૭માં ચાલુ કામની સંપૂર્ણ માહિતી આપવામાં આવે. ટોટલ ખર્ચ,ટેન્ડરપ્રક્રિયા, અત્યાર સુધીમાં થયેલ ખર્ચ અને હાલની સ્થિતિની માહિતી મેળવવા માટે અરજદાર ધ્વારા માહિતી માંગવા આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળના 'નમૂનો–ક' ધ્વારા આઈ.ડી.નં.૨૭૯૫,તા.૨૦/૦૩/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ–નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા,સુરત મહાનગરપાલિકાને આઈ.ડી.નં.૨૭૯૫,તા.૨૦/૦૩/૨૦૧૭ થી કરેલ અરજી પત્ર નં.સીસીસી/સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/ નં.૨૭૯૫,તા.૨૦/૦૩/૨૦૧૭ થી તબદીલ થઈને આર.ડી.ડી. ખાતે મળેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૬૧,તા.૧૩/૦૪/૨૦૧૭ ના રોજ સમયમર્યાદામાં પ્રત્યુત્તર આપેલ જે પ્રત્યુત્તરથી અરજદાર નારાજ થઈને અપીલ અધિકારી સમક્ષ તા.૦૩/૦૫/૨૦૧૭ ની અરજી જે સીવીક સેન્ટર ખાતે તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજ આપેલ છે. જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (આર.ડી.ડી.) ને તા.૧૦/૦૫/૨૦૧૭ ના રોજ મળેલ છે..

અરજદારશ્રીની અપીલ અરજીનાં અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ, વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ/વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મૂદા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.૩૧૪, તા.૧૫/૦૫/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ને પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભેમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર,આરડીડી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૬૧ તા.૧૩/૪/૨૦૧૭ ના રોજથી માહિતી/જવાબ પૂરી પાડવામાં આવેલ હોય તેવુ જણાય છે. અપીલ અરજીના સંદર્ભમાં એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, આરડીડીના પત્ર નં.આરડીડી/આઉટ/નં.૩૧૩, તા.૧૫/૦૫/૨૦૧૭ થી અરજદારને તા.૨૨/૫/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, આરડીડી સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે બોલાવેલા. જે બાબતે અરજદારશ્રી રસીકભાઈ કે.ચાવડા હાજર રહેલ ન હતા. પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર હાજર રહેલ હતા.

**અરજદારની રજુઆત :–** અરજદાર હાજર રહેલ ન હતા.

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરની રજુઆતઃ–** જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ–નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા,સુરત મહાનગરપાલિકાને આઈ.ડી.નં.૨૭૯૫ ,તા.૨૦/૦૩/૨૦૧૭ થી કરેલ અરજી પત્ર નં.સીસીસી/સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/નં.૨૭૯૫,તા.૨૦/૦૩/૨૦૧૭ થી તબદીલ થઈને આર.ડી.ડી. ખાતે મળેલ. જેનો મુદ્દા નં.૩ નો પ્રત્યુત્તર અત્રેથી આરડીડી/આઉટ/નં.૬૧,તા.૧૩/૦૪/૨૦૧૭ થી સમયમર્યાદામાં આપવામાં આવેલ. સદર જવાબથી નારાજ થઈ અરજદારે એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,આરડીડી ને કરેલ અપીલ અરજી આર.ડી.ડી./ઈન/નં.૩૩૦,તા.૧૦/૦૫/૨૦૧૭ ના રોજ અત્રે મળેલ છે. જેમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૧૩/૦૪/૨૦૧૭ ના રોજ કાયદા વિરૂધ્ધ નો પ્રત્યુત્તર પાઠવેલ છે.

**–:હુકમ:–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩/૦૪/૨૦૧૭ની અરજીથી માંગેલ માહિતીની વિગત જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા પુરી પડાયેલ હોય, વધુ કશું કરવાનું રહેતુ નથી. અરજદાર રૂબરૂ સુનવણીમાં હાજર રહેલ ન હોય, વધુ રજુઆત લઈ શકાયેલ નથી.વધુમાં અરજદાર નિયમાનુસાર દફતરી રેકર્ડ ચકાસણી કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

**એપેલેટ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
શ્રી રસીકભાઈ કે.ચાવડા

**સને ૨૦૧૭–૧૮**

અપીલ અરજી નં.આર.ડી.ડી./પ્ર.અ./૩, તા.૦૯/૦૫/૨૦૧૭.
**RDD/OUT NO.426,**
**DT.31-05-2017.**

**અરજદાર:** શ્રી મુકેશલાલ ગણપતલાલ રાણા
**સામાવાળા:** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,

**<u>ફરીયાદની હકીકત:–</u>**

**વિષય:–** અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.એકટ અંતગર્તની તા.૧૯/૦૪/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ,(૧) તા.૧૬/૪ અને ૧૭/૪ ની માનનીય વડાપ્રધાનશ્રીની બે દિવસની સુરતની મુલાકાતને રોડ શો દરમિયાન સુરત મહાનગરપાલિકાએ કેટલી જગ્યાએ કમાન બનાવેલી તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? (૨) કેટલી જગ્યાએ કેટલા સ્ટેજ બનાવેલા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે? (૩) કેટલી જગ્યાએ રોશની કરવામાં આવેલી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે? (૪) મા.વડાપ્રધાનના જાહેર ખબરના કેટલા હોર્ડિંગ્સ કયાં–કયાં મુકવામાં આવેલા અને તેની પાછળ કોર્પોરેશનને કેટલો ખર્ચ થયો છે? (૫) સ્ટેજ બનાવેલા તેનું કેટલું ભાડું કોર્પોરેશનમાં જમા થયું છે? ઉપરના ૧ થી ૫ મુદ્દાનો જવાબ યોગ્ય ફી લઈ ઉપરના સરનામે મોકલી આપવા બાબત.

**સંદર્ભ:–**
**(૧)** અરજદારની તા.૧૯/૦૪/૨૦૧૭ ના રોજની મૂળ અરજી જે અત્રે તા.૨૧/૦૪/૨૦૧૭ ના રોજ મળેલ(આઈ.ડી.નં.૧૦૪)
**(૨)** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા અરજદારને પાઠવવામાં આવેલ તા.૦૩/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૩)** અરજદારની તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજની પ્રથમ અપીલ અરજી.
**(૪)** અપીલ અરજી સંદર્ભે અરજદારને પૂર્તતા કરવા માટે એપેલેટ અધિકારી ધ્વારા રૂબરૂ સુનવણી માટે હાજર રહેવા મોકલવામાં આવેલ પત્ર નં.આરડીડી/આઉટ/નં.૩૪૯ , તા.૧૮/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૫)** અપીલ અધિકારીશ્રી ધ્વારા જાહેર માહિતી અધિકારીશ્રીને પૂર્તતા અહેવાલ માટે લખેલપત્ર નં.આરડીડી/આઉટ/નં.૩૫૦ , તા.૧૮/૦૫/૨૦૧૭ ના રોજનો પત્ર.
**(૬)** જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા રજુ કરેલ પૂર્તતા અહેવાલ તા. ૨૫/૦૫/૨૦૧૭ નો પત્ર.

અરજદારશ્રી ધ્વારા આર.ટી.આઈ.એકટ અંતગર્તની તા.૧૯/૦૪/૨૦૧૭ ની અરજીથી માંગવામાં આવેલ,(૧) તા.૧૬/૪ અને ૧૭/૪ ની માનનીય વડાપ્રધાનશ્રીની બે દિવસની સુરતની મુલાકાતને રોડ શો દરમિયાન સુરત મહાનગરપાલિકાએ કેટલી જગ્યાએ કમાન બનાવેલી તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે? (૨) કેટલી જગ્યાએ કેટલા સ્ટેજ બનાવેલા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે? (૩) કેટલી જગ્યાએ રોશની કરવામાં આવેલી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે? (૪) મા.વડાપ્રધાનના જાહેર ખબરના કેટલા હોર્ડિંગ્સ કયાં–કયાં મુકવામાં આવેલા અને તેની પાછળ કોર્પોરેશનને કેટલો ખર્ચ થયો છે? (૫) સ્ટેજ બનાવેલા તેનું કેટલું ભાડું કોર્પોરેશનમાં જમા થયું છે? ઉપરના ૧ થી ૫ મુદ્દાનો જવાબ યોગ્ય ફી લઈ ઉપરના સરનામે મોકલી આપવા બાબતની માહિતી મેળવવા માટે અરજદાર ધ્વારા માહિતી માંગવા આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળના 'નમૂનો–ક' ધ્વારા આઈ.ડી.નં.૧૦૪,તા.૧૯/૦૪/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ–નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા,સુરત મહાનગરપાલિકાને આઈ.ડી.નં.૧૦૪, તા.૨૦/૦૪/૨૦૧૭ થી કરેલ અરજી પત્ર નં.સીસીસી/સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/નં.૧૦૪, તા.૨૦/૦૪/૨૦૧૭ થી તબદીલ થઈને આર.ડી.ડી. ખાતે મળેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૨૨૮,તા.૦૩/૦૫/૨૦૧૭ ના રોજ સમયમર્યાદામાં પ્રત્યુત્તર આપેલ જે પ્રત્યુત્તરથી અરજદાર નારાજ થઈને અપીલ અધિકારી સમક્ષ તા.૦૯/૦૫/૨૦૧૭ ની અરજી જે સીવીક સેન્ટર ખાતે તા.૦૯/૦૫/૨૦૧૭ ના રોજ આપેલ છે. જે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (આર.ડી.ડી.) ને તા.૧૧/૦૫/૨૦૧૭ ના રોજ મળેલ છે..

અરજદારશ્રીની અપીલ અરજીનાં અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ, વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ/વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મૂદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.૩૫૦, તા.૧૮/૦૫/૨૦૧૭ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ને પત્ર પાઠવવામાં આવેલ.

અરજદારની મૂળ અરજીના સંદર્ભેમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર,આરડીડી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૨૨૮ તા.૦૩/૫/૨૦૧૭ ના રોજથી માહિતી/જવાબ પૂરી પાડવામાં આવેલ હોય તેવું જણાય છે. અપીલ અરજીના સંદર્ભમાં એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, આરડીડીના પત્ર નં.આરડીડી/આઉટ/નં.૩૪૯, તા.૧૮/૦૫/૨૦૧૭ થી અરજદારને તા.૨૯/૫/૨૦૧૭ ના રોજ એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, આરડીડી સમક્ષ રૂબરૂમાં સુનાવણી માટે બોલાવેલા. જે બાબતે અરજદારશ્રી મુકેશભાઈ ગણપતલાલ રાણા હાજર રહયા ન હતા. પરંતુ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર હાજર રહયા હતા.

**અરજદારની રજુઆત :–** અરજદાર હાજર રહેલ ન હતા.

**જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરની રજુઆતઃ–** જાહેર માહિતી અધિકારી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ–નાગરીક સુવિધા કેન્દ્ર મુગલીસરા,સુરત મહાનગરપાલિકાને આઈ.ડી.નં.૧૦૪, તા.૨૦/૦૪/૨૦૧૭ થી કરેલ અરજી પત્ર નં.સીસીસી/સે.ઝોન/આર.ટી.આઈ./આઉટ/નં.૧૦૪,તા.૨૦/૦૪/૨૦૧૭ થી તબદીલ થઈને આર.ડી.ડી. ખાતે મળેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ધ્વારા પત્ર નં.આરડીડી/આઉટ/નં.૨૨૮, તા.૦૩/૦૫/૨૦૧૭ ના રોજ સમયમર્યાદામાં પ્રત્યુત્તર આપેલ . સદર જવાબથી નારાજ થઈ અરજદારે એપેલેટ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી,આરડીડી ને કરેલ અપીલ અરજી આર.ડી.ડી./ઈન/નં.૩૪૬,તા.૧૧/૦૫/૨૦૧૭ ના રોજ અત્રે મળેલ છે. જેમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી એ તા.૦૩/૦૫/૨૦૧૭ ના રોજ કાયદા વિરૂધ્ધ નો પ્રત્યુત્તર પાઠવેલ છે અને માંગેલ માહિતી અત્રેના રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ મારફત થયેલ ન હોય તથા લાગુ પડતી ન હોય  માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી એમ જણાવેલ છે એવી રજુઆત કરેલ છે. જે અંગેનો હાલ પર્યત કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય માહિતી પૂરી પાડી શકાયેલ નથી. જે બાબતની ફેરચકાસણી કરવામાં આવેલ છે. જે આપશ્રીની જાણ માટે.

**–:હુકમઃ–**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯/૦૪/૨૦૧૭ની અરજીથી માંગેલ માહિતીની વિગત જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર ધ્વારા પુરી પડાયેલ હોય, વધુ કશું કરવાનું રહેતુ નથી. અરજદાર રૂબરૂ સુનવણીમાં હાજર રહેલ ન હોય, વધુ રજુઆત લઈ શકાયેલ નથી.વધુમાં અરજદાર નિયમાનુસાર દફતરી રેકર્ડ ચકાસણી કરવા સ્વતંત્ર છે.

આપ ઉપરના નિર્ણયથી નારાજ થયેલ હોય, તો. ગુજરાત માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, પહેલા માળે, સેકટર–૧૮, ગાંધીનગરને દિન–૯૦માં બીજી અપીલ કરી શકશો.

**એપેલેટ અધિકારી અને**
**કાર્યપાલક ઈજનેર**
**રોડ ડેવલપમેન્ટ ડીપાર્ટમેન્ટ**
**સુરત મહાનગરપાલિકા**

**પ્રતિ,**
શ્રી મુકેશલાલ ગણપતલાલ રાણા